**વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રીની તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણી માટે તા.:૨૪/ ૦૮/ ૨૦૧૫ ના રોજ ૧૬.૦૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ..**

---

માન.જિલ્લા કલેકટરશ્રી,વલસાડના પત્ર નંબર.: એસીબી / એમયુએન / વલસાડ ન.પા. / ચુંટણી / વશી –૧૫૯૨, તા.: ૧૯–૦૮–૨૦૧૫ના આદેશ (નોટીશ) અનુસાર વલસાડ નગરપાલિકાની આજ તા.: ૨૪–૦૮–૨૦૧૫ના રોજ ૧૬.૦૦કલાકે પ્રમુખશ્રી તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીના કામે નાયબ કલેકટર,વલસાડ (પ્રાંત)ના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ છે.

| અ.નં. | સદસ્યશ્રીનું નામ |
|---|---|
| ૧ | પટેલ મીરાબેન રાજેશભાઈ (રાજુમરચા) |
| ૨ | રાણા હિતેશ સુરેશભાઈ |
| ૩ | પટેલ ઉર્વશી રાજેશભાઈ(રાજુમરચા) |
| ૪ | ભંડારી કિરણભાઈ પરભુભાઈ |
| ૫ | કુકણાં રાજેશભાઈ બાબુભાઈ |
| ૬ | સોલંકી (જૈન) સોનલબેન તેજશભાઈ |
| ૭ | પટેલ અમરતભાઈ નિછાભાઈ |
| ૮ | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઈ(બાલુભાઈ ડેરીવાલા) |
| ૯ | ટંડેલ નિમિષાબેન ગીરિશકુમાર |
| ૧૦ | રાઠોડ રાજેશભાઈ દરશથભાઈ |
| ૧૧ | પટેલ ઉજેશભાઈ ઈશ્વરભાઈ |
| ૧૨ | પટેલ કુસુમબેન કાળીદાસભાઈ |
| ૧૩ | પટેલ રમેશભાઈ મંગળદાસ(ડેની) |
| ૧૪ | કાદરી સોહીલ અફઝલ |
| ૧૫ | ભાનુશાલી પ્રવિણભાઈ પરસોતમભાઈ(પ્રવિણકચ્છી) |
| ૧૬ | ડાંગ ધર્મેશ (ધર્મો) અર્જુનભાઈ |
| ૧૭ | ઠાકોર કમળાબેન અવધેશકુમારસિંગ |
| ૧૮ | પટેલ વિજયભાઈ સહદેવભાઈ |
| ૧૯ | ચૌહાણ સંજયરાવ દશરથરાવ(સંજય મેનેજર) |
| ૨૦ | પરમાર લતાબેન ભરતભાઈ |
| ૨૧ | પટેલ કલ્પેશભાઈ રમેશભાઈ |
| ૨૨ | દેસાઈ ગિરીશભાઈ ભગવાનજીભાઈ |
| ૨૩ | પટેલ હેતલકુમારી જયેશભાઈ |
| ૨૪ | પરમાર મનોજભાઈ પ્રેમચંદભાઈ |
| ૨૫ | પઠાણ મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન |
| ૨૬ | ઓઝા ર્ડા.પુષ્પા રામજોર |
| ૨૭ | પટેલ ભરતભાઈ ઉર્ફે કાનો છોટુભાઈ |
| ૨૮ | દેસાઈ આશિષ સુમંતરાય |
| ૨૯ | પટેલ શારદાબેન હરિશભાઈ |
| ૩૦ | શેઠીયા શશીકાંત આણંદજી |
| ૩૧ | શાહ ધર્મિન પ્રદ્યુમનભાઈ |
| ૩૨ | દેસાઈ ધર્મા કેયુરભાઈ |
| ૩૩ | આહીર પંકજ ઠાકોરભાઈ |
| ૩૪ | માકડીયા કૌશીકભાઈ ગોવિંદભાઈ |

| | |
|---|---|
| ૩૫ | પટેલ સોનલબેન કિશોરભાઈ |
| ૩૬ | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઈ |
| ૩૭ | પટેલ પ્રવિણભાઈ સોમાભાઈ (પપ્પુ) |
| ૩૮ | દેસાઈ નયનાબેન પ્રમોદરાય |
| ૩૯ | પટેલ ધર્મેશભાઈ રણજીતભાઈ |
| ૪૦ | દેસાઈ કૃષ્ણકાંત ઉર્ફે કનક સુમનભાઈ |

વલસાડ નગરપાલિકાના આગામી અઢી વર્ષની મુદત માટે પ્રમુખશ્રી અને ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીના કામે બોલાવવામાં આવેલ સામાન્ય સભામા આપ સૌને આવકારૂ છું.

**<u>કામ નંબર.:૧</u>**

**<u>વિષય.:</u> વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રીની ચુંટણી કરવા બાબત..**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ –૧૯૬૩ની કલમ –૩ર (૧) (ક) (સુધારા)ની જોગવાઈ મુજબ પ્રમુખશ્રી અને ઉપ–પ્રમુખશ્રીના હોદૃાની મુદત અઢી વર્ષની રહેશે.ગુજરાત નગરપાલિકા પ્રમુખ માટે અનામત (સુધારો)નિયમો –ર૦૦૬ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ,ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક.: કેવી –ર૪૭ ઓફ ર૦૧૫ – એન.પી.એલ.૪૫૧૩ – ૧૦૩ – એમ.તા.: ૧૪–૦૮–ર૦૧૫ની જોગવાઈ મુજબ રોસ્ટર પોઈન્ટ –૧ (એક)મુજબ પ્રમુખ તરીકે " સ્ત્રી "(WOMAN)વર્ગના ચુંટાયેલ સભ્યોશ્રીઓમાંથી પ્રમુખની ચુંટણી કરવાની રહેશે.તે બાબતની જાહેરાત કરી .

વલસાડ નગરપાલિકાની પ્રમુખશ્રી તરીકની અઢી વર્ષની પદાવધિ માટે ચુંટાયેલા સભ્યોમાંથી દરખાસ્ત મુકવા જણાવ્યું. આ કામે નિયમોનુસારની જોગવાઈ અનુસાર ચુંટણી કરાવવા માટે ૧૫ મિનિટમા ઉમેદવારી પત્રો રજુ કરવા માટે પ્રમુખ અધિકારી તરફથી જાહેરાત કરવામાં આવી.આ જાહેરાતના સંદર્ભમા નીચે જણાવ્યા મુજબ દરખાસ્ત રજુ કરવામા આવી. દરખાસ્ત સમયસર હોય,દરખાસ્ત માન્ય રાખવામાં આવી જેની વિગત નીચે મુજબ છે.

## <u>દરખાસ્ત નંબર (૧)</u>

(૧) જેમના નામની દરખાસ્ત થઈ હોય તેનુ નામ...:શ્રીમતી સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન )

(ર) દરખાસ્ત કરનાર....:શ્રી ધર્મિન પદ્યુમન શાહ

(૩) ટેકો આપનાર.......: ર્ડા. પુષ્પાબેન રામજોર ઓઝા

ઉપર જણાવેલ દરખાસ્ત નંબર.: ૧(એક)ના કામે નિયમોનુસારની ચુંટણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી. કાર્યવાહીના અંતે શ્રીમતી સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન )નું એકજ ઉમેદવારી પત્ર રજુ થયેલ હોય.બીજી કોઈ દરખાસ્ત ન આવતાં વલસાડ નગરપાલિકાના અઢી વર્ષની પદાવધિ માટે પ્રમુખ તરીકે શ્રીમતી સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન )ને ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

ઉપર મુજબ પ્રમુખશ્રીની ચુંટણીની કાર્યવાહી પુર્ણ થયા બાદ ઉપ–પ્રમુખની ચુંટણીની કામગીરી હાથ પર લેવામાં આવી.

**<u>કામ નંબર.:૨</u>**
**<u>વિષય.:</u> વલસાડ નગરપાલિકાના ઉપ–પ્રમુખશ્રીની ચુંટણી કરવા બાબત...**

આ કામે નિયમોનુસારની જોગવાઈ અનુસાર અધ્યક્ષશ્રી ધ્વારા નગરપાલિકાના ઉપ–પ્રમુખના હોદ્દાની મુદત બાબતે ગુજરાત ગ્રેઝેટ –૪–૫– ૨૦૧૧ સને ૨૦૧૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક.:૨૧ (૭ )નગરપાલિકા અધિનિયમમાં કલમ–૩૩ માં , પેટા કલમ–(૧)ને બદલે નીચેની પેટા કલમ મુકી સને ૧૯૬૩ના ગુજરાતના ૩૪ માં અધિનિયમની કલમ –૩૩નો સુધારો ..એમાં (૧)(ક) થી **"નગરપાલિકાના ઉપ–પ્રમુખના હોદ્દાની મુદત અઢી વર્ષની રહેશે."તે** અંગેની જાણ કરતી જાહેરાત સમગ્ર સભામાં કરી. દરખાસ્ત સમયસર હોય દરખાસ્ત માન્ય રાખવામાં આવી જેની વિગત નીચે મુજબ છે.

## <u>દરખાસ્ત નંબર (૧)</u>

(૧) જેમના નામની દરખાસ્ત થઈ હોય તેનુ નામ...:શ્રી કૌશીકકુમાર ગોવિદભાઈ માકડીયા

(૨) દરખાસ્ત કરનાર....:શ્રી આશિષ સુમંતરાય દેસાઈ

(૩) ટેકો આપનાર.......:શ્રી મહેબુબ ( ઝાકીર ) ગુલશેરખાન પઠાણ

ઉપર જણાવેલ દરખાસ્ત નંબર.: ૧(એક)ના કામે નિયમોનુસારની ચુંટણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી. કાર્યવાહીના અંતે શ્રી કૌશીકકુમાર ગોવિંદભાઈ માકડીયાનું એકજ ઉમેદવારી પત્ર રજુ થયેલ હોય.બીજી કોઈ દરખાસ્ત ન આવતાં વલસાડ નગરપાલિકાના અઢી વર્ષની પદાવધિ માટે ઉપ–પ્રમુખ તરીકે શ્રી કૌશીકકુમાર ગોવિંદભાઈ માકડીયાને ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

ઉપર મુજબ પ્રમુખશ્રી તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીની કાર્યવાહી આજની સામાન્ય સભામા પુર્ણ થયેથી હાજર રહેલા તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પુર્ણ કરવામાં આવી.

સ્થળ.: વલસાડ.

તારીખ.:૨૪–૦૮–૨૦૧૫

( સી.એન.પટેલ)
અધ્યક્ષ,
વલસાડ નગરપાલિકા
અને
પ્રાંત અધિકારી,વલસાડ.